Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

નિર્મળ ભાવે સેવા કરનાર આત્મ પ્રતિષ્ઠા વધતાં કોઇકવાર મહત્ત્વાકાંક્ષાનો ભોગ થઇ પડે છે. મહત્ત્વાકાંક્ષા સર્પની માફક માણસના ચિત્તમાં પ્રવેશ કરે છે અને તેના જ્ઞાનપ્રદીપને ઓલવી નાંખે છે. જ્યાં સુધી મહત્ત્વાકાંક્ષાની ચૂડમાં સપડાયો નથી ત્યાં સુધી સેવા વ્રતી માણસ સોળવલ્લું કુંદન હોય છે. એક વખત પદ કે અધિકારના પ્રલોભનને વશ થયો કે પછી કુંદનને કથીર બની જતાં બહુ વાર લાગતી નથી. એટલા જ માટે સંત તુલસીદાસે ગાયું છે કે

लघुतासे प्रभुता मिले, प्रभुतासे प्रभु दूर

સત્યં શિવં સુંદરમ્

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

પુસ્તક ૫૯ અંક ૪.

મહા સં. ૨૦૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુક્રમણિકા

૧ ઇષ્ટ વાણી		૪૦
૨ જ્ઞાનમસ્તોના રાહ	પાદરાકર	૪૧
૩ સમાજ ઋણ	કે દેશાઇ	૪૨
૪ આત્મવિકાસ	અનુ: વિ. મૂ. શાહ	૪૬
૫ બીજી તારાદૃષ્ટિની સઝાય	સં. ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ	૪૯
૬ શરીર એટલે ભોગાયતન	સાહિત્યચંદ્ર બાલચંદ હિરાચંદ	૫૧
૭ મતભેદ પ્રગટે ત્યારે		૫૪

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે "આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે

૧ પ્રસિદ્ધિસ્થળ—ખારગેટ, ભાવનગર

૨ પ્રસિદ્ધિક્રમ—દરેક અંગ્રેજી મહિનાની સાતમી તારીખ

૩ મુદ્રકનું નામ—હરિલાલ દેવચંદ શેઠ

કયા દેશના—ભારતીય, ઠેકાણું—આનંદ પ્રીન્ટીંગ પ્રેસ, ભાવનગર

૪ પ્રકાશકનું નામ—શ્રી જૈન આત્માનંદ સભાની વતી ખીમચંદ ચાંપશી શાહ ભાવનગર

કયા દેશના—ભારતીય, ઠેકાણું—ખારગેટ, ભાવનગર

૫ તંત્રી મંડળ—શ્રી ખીમચંદ ચાંપશી શાહ, શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, શ્રી હરિલાલ દેવચંદ શેઠ

કયા દેશના—ભારતીય, ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

૬ સામાયિકના માલિકનું નામ—શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર

અમો આથી જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે. તા. ૭-૨-૧૯૬૨

ખીમચંદ ચાં. શાહ
વિઠ્ઠલદાસ મૂ. શાહ
હરિલાલ દે. શેઠ

For Private And Personal Use Only

વર્ષ ૫૯મું] મહા તા. ૭-૨-૬૨ [અંક ૪

ઇષ્ટ વાણી

क्रोधः सुदुर्जयः शत्रु र्लोभो व्याधिरनन्तकः ।
सर्वभूतहितः साधुरसाधुर्निर्दयः स्मृतः ॥

ક્રોધ દુર્જય શત્રુ છે, લોભ અનંત વ્યાધિ છે, પ્રાણીમાત્રનું હિત કરનાર સાધુ છે, નિર્દય તે અસાધુ ગણાય છે.

स्वधर्मे स्थिरता स्थैर्यं धैर्यमिन्द्रियनिग्रहः ।
स्नानो मनोमलत्यागो दानं वै भूतरक्षणम् ॥

પોતાના ધર્મમાં સ્થિર રહેવું તેજ સ્થૈર્ય છે, ઇંદ્રિયોનો નિગ્રહ એજ ધૈર્ય છે, મનના સર્વ મળોનો ત્યાગ એજ સ્નાન છે અને સર્વ પ્રાણીઓનું રક્ષણ કરવું એજ દાન છે

अहन्यहनि भूतानि गच्छन्तीह यमालयम् ।
शेषाः स्थावरमिच्छन्ति किमाश्चर्यमतः परम् ॥

સંસારમાં રોજે રોજ પ્રાણીઓ યમલોકમાં જાય છે પરંતુ પાછળ રહેનારાઓ અમર રહેવાની ઇચ્છા ધરાવે છે. એનાથી વિશેષ આશ્ચર્ય કયું ?

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનમસ્તોના રાહ

(ગઝલ)

ના આવશો ! આવી શકોના ! વિકટ મ્હારા રાહ છે !
એ રાહ જાનારા બધા ! બીલકુલ બે પરવાહ છે ! ——ના !
જ્યાં સુર્ય–ચન્દ્ર પ્રકાશ ના ના અન્ય જ્યોતિ પ્રકાશ છે !
ચિન્માત્ર નિત્ય વિકાસ છે. એવા વિકટ મુજ રાહ છે ! ——ના !
જ્યાં પુત્ર પત્નિ બન્ધુજન નવ મ્હારૂં ત્હારૂં જરાય છે !
મન ઇન્દ્રિય ઉર્મિવાસના ના. વિકટ.........!
જ્યાં આશ પ્યાસ નિવાસ ના તૃષ્ણા ન મમતા વાસ હો !
અભિમાન માન ભુલાય જ્યાં ! તે વિકટ........!
જ્યાં કોઈ—કાંઇ ન દેખવાં નહિ બુદ્ધિથી કાંઇ પેખવાં !
જ્યાં તત્ત્વ નિરાલંબના ! તે વિકટ.......!
જે માર્ગ ખાંડા ધારતા, ને ચાલવાં જગ પાર હો !
નટ—દોરવત, વ્યવહાર જ્યાં ! તે વિકટ...... !
વિદ્વાન જ્યાં ભરમાઈ જાતાં ભય ભક્તજન પણ રાખતા !
જીવતા મરેલા ફાવતા ! તે વિકટ........!
જ્યાં દષ્ટ દાહક યાગનાં, શાન્તિ મળે અંગારમાં !
ચિદ્દઘન સ્વયં પરકાશ ત્યાં ! તે વિકટ ....!
શિર હાથમાં લઇ ખેલવાં, મંત્રો જપાયે લા–મ–કાં— !
તજવી તમા—મસ્તી—ફના ! તે વિકટ...... !
જ્યાં જાપ ૐ ગુરૂ નામના જ્ઞાનામૃતે ભોજન થતાં !
જ્યાં ભેદભાવ જરાયના ! તે વિકટ........ !
ચિત્તવૃત્તિ ચંચળતા ન જ્યાં, દ્દઢ સ્થિર આસાન ખાસખાં !
લખ અલખ તત્ત્વે તાન ત્યાં ! તે વિકટ.........!
જ્યાં બ્રહ્મરસના પાન હો ! પાસે ગુરૂ ભગવાન હો !
મણિ—મસ્તકોનાં દાન જ્યાં ! તે વિકટ........!

પાદરાકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમાજ ઋણ

કે. દેસાઈ

આપણા ધર્મમાં અનેક પ્રકારનાં ઋણુ વિષે વિવેચન કરવામાં આવ્યું છે, દેવઋણુ, પિતૃઋણુ, લોકઋણુ વગેરેના વિચાર આપણામાં ઘણાં જ જુના છે. અને આ બધા ઋણુ વાળી શકવાને માટે આપણા ધર્મમાં દરેકને માથે જુદી જુદી ફરજો નાંખેલી છે. પરંતુ હાલમાં કમનશીબે આપણા ધર્મની દરેક શાખામાં થયું છે, તેમ આમાં પણ એમ થયું છે કે જે ફરજો, જે કર્તવ્યો, આ ઋણુની તુપ્તિ અર્થે આપણે કરવાનાં છે અને કરીએ પણ છીએ, તેનો મૂળ હેતુ આપણે ભૂલી ગયા છીએઃ તે શા માટે કરવામાં આવે છે તેથી આપણામાંનો મોટો ભાગ અજાણુ થઈ ગયો છે અને તે બધું ફક્ત ચાલતી આવેલી રૂઢીને લીધે જ અથવા તો લોકલાજથી કે માનસિક વ્હેમને લઈને કરવામાં આવે છે અને આ કારણને લીધે, બધા ઋણુ વાળવા પ્રયત્ન કર્યા છતાંએ આપણો આત્મા ઉચ્ચ થવો જોઇએ, ઉદાત્ત થવો જોઇએ, તેટલો થતો નથી, અને લોકો વગર સમજે, ફક્ત બાહ્ય કારણોને લીધે જ આ બધું કર્યા કરે છે. તેમનું કર્યુ કારવ્યું છૂટી પડે છે, એટલું જ નહિ પણ વખતના વહેવા સાથે, જમાનાના બદલાવાથી, નવીન સુધારાના પ્રસારથી, જે નવાં ઋણુ આપણે માથે આવ્યાં છે, તે આપણે સમજી શકયાં નથી. અને પરિણામે આ ઋણુના બદલા તરીકે જે નવી જવાબદારીઓ આપણે શિરે આવેલી છે, તેથી આપણે અજાણુ રહ્યા છીએ અને તેના બદલામાં આપણે જે કર્તવ્ય કરવાનાં છે તેથી પણ વિમુખ થયા છીએ.

આ બધાં ઋણુનો અને તેને અંગે ઉભાં થતાં કર્તવ્યોનો વિચાર આપણે હવે ચાલુ જમાનાને અનુસરીને અને નવા સંજોગો ધ્યાનમાં રાખીને કરવાનો છે. દેવઋણુ અને પિતૃઋણુની ભાવના તો હજી આપણા લોકોમાં જોવામાં આવે છે. દેવે આપણુને આત્મા અને જીવન વગેરે આપ્યાં, પિતૃઓએ આપણુને શરીર, શરીરનું રૂપ, મનનાં વલણુ અને સ્વભાવ વગેરે આપ્યાં એટલું તો ઘણાખરા સમજે છે. પરંતુ એ ઉપરાંતનાં બીજાં ઋણુ છે તે ઉપર જોઇએ તેવું લક્ષ દેવાતું હોય તેમ લાગતું નથી. આવું એક ઋણુ તે સમાજઋણુ છે. આપણા સમાજના સમગ્રપણે આપણા ઉપર કેવા અને કેટલા ઉપકાર છે, અને તેને લીધે આપણુને કેવા કેવા શુભ સંજોગો મળ્યા છે, અને પરિણામે આપણુને જે લાભ થયો છે તેનો પૂરો ખ્યાલ નથી. અને તે કારણથી જ આ સમાજ ઋણુ પાછું વાળવા માટે આપણે માથે જે કર્તવ્યો રહેલાં છે તેનો વિચાર કરવામાં આવતો નથી. આપણે જે સંજોગોની વચ્ચે અને જે સમાજની અંદર જન્મ ધારણુ કર્યો છે, તેને લીધે આપણુને ઘણા જ લાભ થયા છે. આ લાભને આપણે આપણો સામાજિક વારસો કહી શકીએ. જમાનાની પ્રગતિનાં વિચારોના વ્હેણુની અને એવી બીજી અનેક છાપો આપણા ઉપર પડે છે તે સ્હેલાઇથી જોઇ શકાય તેમ નથી. જો આપણે એક સુધરેલા માબાપના છોકરાને જન્મથી જ જંગલી લોકોના સહવાસમાં મુકી દઇયે તો આપણુને ખબર પડે કે તેના માબાપ તરફથી મળેલા ઉત્તમ વારસા છતાં યે તે બાળક લગભગ જંગલી જેવું જ થવાનું. આવો ક્રૂર બનાવ આ જમાનામાં થયેલો તો ધ્યાનમાં નથી. આ જમાનામાં આનાથી વિરૂદ્ધ પ્રકારના દાખલા તો બનેલા છે, એટલે કે જંગલી આફ્રીકન માબાપના એક બાળકને અમેરીકા લઇ જવામાં આવ્યું હતું અને ત્યાંની હારવર્ડ પાઠશાળામાં ભણાવીને કેળવ્યું હતું. અભ્યાસ પૂરો કર્યા પછી તેણે પોતાના લોકોનો ઉદ્ધાર કરવા ઘણી મહેનત કરી હતી. એના પોતાની કેળવણી,

For Private And Personal Use Only

એના સંસ્કારી વિચાર અને એની સેવા બુદ્ધિ એ બધું ત્હેને પશ્ચિમના સમાજ તરફથી મળ્યું, અને એ સમાજનો તે માટે તે ઋણી થયો.

આ પ્રકારનું ઋણ સમજ્યા પછી આપણે આપણો પોતાનો વિચાર કરીએ. આપણા સમાજની અને કેળવાયલા હિંદની અનેક રીતે પ્રગતિ થયેલી જોવામાં આવે છે, આ પ્રગતિને માટે દરેક કેળવાયેલા હિંદ પુત્રે તેના વડવાઓની મહેનતનો, દેશના આગેવાનોના કામનો, કાંઇક પોતાની જાત મહેનતનો, અને સૌથી વધારે સામાજિક વારસાનો ઉપકાર માનવો ઘટે છે. અનેક પ્રકારના લાભ અને સગવડો આપણે ભોગવીએ છીએ, રાજકીય હક્ક, પ્રજા તરિકેની ગણના, વિદ્યા પ્રાપ્તિની સગવડો, વ્યાપારનો વધારો, સ્થાનિક સ્વરાજ્યોની પ્રાપ્તિ, ગામડામાં થતા સુધારા, નહેરોમાં થતા વધારા, વગેરે દરેક જાતના લાભ માટે આપણે સમાજના ઋણી છીએ, આપણા માથે સમાજનું તે બધું દેવું છે. આ ઋણ, આ દેવું, આ કરજ પાછું વાળવાની આપણી મુખ્ય ફરજ છે, કોઇ માણસના આપણે ફક્ત થોડાક જ રૂપિયા ઉછીના લઇએ છીએ તો આપણું મન એ દેવાના ભારને લીધે કેટલું ચિંતામાં રહે છે. અને તે દેવું પાછું વાળવા માટે આપણે કેટલા આતુર હોઇએ છીએ ? તો આપણા સમાજનું આપણા ઉપરનું આ મહાન ઋણ વાળવા માટે આપણે કેટલા આતુર અને કેવા ચિંતાતુર રહેવું જોઇએ ? પણ આ ઋણ પાછું શી રીતે વાળવું તે પ્રશ્ન ઘણાના મનમાં ઉભો થશે, "સામાજિક વારસા"નું ઋણ અદા કરવાનો ફક્ત એક મુખ્ય રસ્તો "સમાજ સેવા" કરવાની છે, સ્વાર્થનો ત્યાગ કરી, ફક્ત ધર્મવૃત્તિથી સમાજની સેવા કરવાથી જ આ ઋણ આપણે પાછું વાળી શકીએ તેમ છીએ. માટે દરેક કેળવાયેલા અને સમજુ હિંદીએ આવી સેવા કરવા તત્પર રહેવું, અને સેવાના માર્ગની હંમેશા શોધ કરવી.

દરેક જણ બરોબર ધ્યાનમાં લે કે આપણા ઉપર સમાજનાં અનેક ઋણ છે અને તે ધ્યાનમાં લઇ તેમને યથાશક્તિ પાછાં વાળવા પ્રયત્ન કરવો જ જોઇએ. અનેક રીતે આપણે માથે ઋણ ચઢ્યા જ કરે છે, આખા દિવસનું કામકાજ કર્યા પછી સાંજે મનને તાજું કરવા કોઈ જાહેર બગીચામાં આપણે જઇએ ત્યારે વિચાર કરવો જોઇએ કે આ જાહેર બગીચો ક્યાંથી થયો ? કોના પૈસાથી થયો ? અને શી રીતે નિભાવાય છે ? તે બધું કાંઇ આપણા પૈસાથી તો થતું નથી જ, માટે તે સારૂ આપણે કોઇના, કાંઇ નહિ તો સમાજ સમસ્તના, ઋણી થયા. તે જ પ્રમાણે જ્યારે મુસાફરી કરતા કોઈ ધર્મશાળામાં ઉતરીએ છીએ ત્યારે પણ કોઇના ઋણી થઇએ છીએ, કોઇ જાહેર પુસ્તકશાળામાં જઈ જ્ઞાન મેળવીએ છીએ અથવા વાંચનગૃહમાં જઇ મફત છાપું વાંચીએ છીએ, ત્યારે પણ કોઇના ઋણી થઇએ છીએ, કોઇ ઇસ્પિતાલ કે આરોગ્યગૃહનો લાભ લઇએ છીએ ત્યારે પણ કોઇના ઋણી થઇએ છીએ, કારણ કે આ બધી સંસ્થાનું મૂળ તપાસીશું તો જણાઇ આવશે કે અમૂક સદ્‌ગૃહસ્થે ધર્માદા ખાતર આટલી રકમ કાઢી હતી અને તેમાંથી આ ઇસ્પિતાલ કે લાઇબ્રેરી કે બગીચો કરવામાં આવ્યા હતા. એટલે કે જ્યારે આપણે તે બધાનો લાભ લઇએ છીએ, ત્યારે આપણે કાંઇક "ધર્માદા સંસ્થાનો ઉપયોગ કરીએ છીએ" તે વાત સદાયે ધ્યાનમાં રાખવી. આ ઉપરથી કહેવાનો ભાવાર્થ એમ નથી કે આ સંસ્થાઓનો ઉપયોગ ન કરવો. દુનિયામાં એટલી બધી અક્કડાઈ ચાલી શકે તેમ નથી. કલાપી કહે છે તેમઃ—

"બ્રહ્માંડ આ તો ગૃહતાતનું છે,
આધાર સૌને સૌનો રહ્યો છે.
લે છે સહુ કંઇ, સહુને દઇ કંઈ,
આભાર સૌનો સૌ ઉપર છે."

પરંતુ તે બધાનો ઉપયોગ કરતી વખતે, આધાર લેતી વખતે આપણે કોઇના ઋણમાં આવીએ છીએ તે વાત વિસરવી નહિં અને કોઈ પણ વખતે, કોઇ પણ રીતે યથાશક્તિ આ ઋણ સમાજને પાછું વાળી આપવા તત્પર રહેવું.

વળી આ સંબંધમાં બીજી પણ એક વાત ધ્યાનમાં લેવા જેવી છે, કોઇવાર પરોપકારના કાર્ય કરતા-લોકસેવા બજાવતા—તે કરનારને ઘણી અડચણો પડે છે, લોકો તરફથી તે ધિક્કારાય છે. અધિકારીઓ તેને પજવે છે, આવી વખતે કેટલાએક હિમ્મત હારી જાય છે. એટલું જ નહિ પણ તેમાંના કોઈ તો અકળાઈ જાય છે. અને તેના મનમાં સમાજ તરફ એક જાતનો તિરસ્કાર પેદા થાય છે, અને તે કહે છે કે સમાજને મ્હારી કદર નથી તો મ્હારે શા માટે હેની દરકાર કરવી જોઇએ, મ્હારે શા માટે નિઃસ્વાર્થ સેવા કર્યા પછી પણ ધિક્કારનો પાત્ર થવું જોઇએ ? અકળાઇને આવા વિચાર કરવા તે યોગ્ય નથી. આવે વખતે શાંતિ ધારણ કરવી જોઇએ. સ્વસ્થ મનથી, શુદ્ધ આશયથી, નિઃસ્વાર્થ વૃત્તિથી આપણી બુદ્ધિ પ્રમાણે કર્ત્તવ્ય કરતા હોઇએ ત્હેમાં આવા કોઇ વિક્ષેપ આવે તેથી નિરાશ ન થવું.

આ વખતે આપણે સમાજ ઉપર ઉપકાર કરવા નિકળ્યા છીએ તેનું અભિમાન મનમાંથી કાઢી નાખવું અને મનમાં એમ જ જાણવું કે આગળના જમાનાના નેતાઓ અને દેશ સેવકો જે જે ઉપકાર સમાજ ઉપર કરી ગયા છે, તેનું સમાજના એક અંગ તરીકે ઋણ પાછું વાળવાનું મ્હારૂં કર્તવ્ય જ છે અને તે માટે આપણું કામ કર્યે જ જવું. ધાર્મિક, સાંસારિક કે રાજકીય સુવાસ જે આપણે અનુભવીએ છીએ તે માટે કેટલાએ લોકોએ દુઃખ વેઠ્યા હશે, આપણા થઈ ગયેલા અને હાલના નેતાઓએ આવા વિચાર કર્યા હોત તો આપણે કેવી સ્થિતિમાં હોત તેનો વિચાર કરવો પણ મુશ્કેલ છે. માટે **કોઇ પણ પ્રસંગે નિરાશ ન થતાં આપણું ઋણ પાછું** વાળવા સતત્ પ્રયત્ન કર્યા જ કરવો.

પરંતુ આ ઋણ પાછું વાળતી વખતે એટલું ધ્યાનમાં રાખવાનું છે કે આ કાંઈ ગમે તેવું દેવું નથી, અને તે પાછું વાળતા ગમે તેમ કરીને વેઠ કાઢવાની નથી. આપણી માંદગી વખતે આપણી માતા ચાકરી કરે છે તેનો બદલો આપણે કોઇ નર્સને પગાર આપીએ તે રીતે પાછો વાળતા નથી, પણ પ્રેમ અને વાત્સલ્યથી તે પાછો વાળીએ છીએ તે જ પ્રમાણે આ ઋણ પણ આપણે પ્રેમ અને વાત્સલ્યથી પાછું વાળવાનું જ છે.

છેવટે ફરીથી દરેક જણને આ બાબતો ઉપર ગંભીરાઇથી વિચાર કરવા આગ્રહપૂર્વક વિનંતિ છે, આપણે આર્ય ભૂમિમાં વસનારા આર્ય સંતાન છીએ. દેવા વિષે આપણી લાગણી તીવ્ર છે. પેઢીઓનું દેવું, પુત્રો, પૌત્રો અને પ્રપૌત્રો પણ મુદતનો જરાપણ બાધ આણવા સિવાય આપવા બંધાયેલા છે એવી આપણા ધર્મપુસ્તકોની ભાવના છે તો સમાજનું આપણાં પાસેનું આ લ્હેણું આપણે શી રીતે વિસારે પાડી શકીએ ? આ લોક ઋણ-સમાજ ઋણ હરકોઇ પ્રકારે પણ પાછું વાળવા આપણામાંનાં દરેક જણે સમાજ સેવાનો કોઇપણ માર્ગ નિઃસ્વાર્થ અંગિકાર કરવો જોઇએ, વળી આપણે કોઇ લોક સેવાનું કાર્ય કરતા હોઇએ ત્યારે "અમે પરોપકાર કરીએ છીએ" "ધર્માદા કરીએ છીએ" એમ મનમાં અભિમાન આણવું નહિ. પરંતુ જે વૃત્તિથી એક ઓશિંગણ દેવાદાર પોતાનું દેવું ચુકવે છે તેવી વૃત્તિથી લોકસેવા કરવી અને પ્રભુનો ઉપકાર માનવો કે ઋણ મુક્ત થવાનો અવસર એણે આપણને આપ્યો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મવિકાસ

અનુ:- વિ. મૂ. શાહ

(૧)

" The plea that this or that man has no time for culture will vanish as soon as we desire culture so much that we begin to examine seriously into our present use of time."

M. Arnold.

આપણે આત્મસુધારણા અથવા આત્મવિકાસ માટે તીવ્ર આતુરતાથી ઇચ્છીને હાલમાં સમયનો કેવો ઉપયોગ કરીએ છીએ તેનું પરીક્ષણ કરવાનું શરૂ કરીએ કે તરત જ અમુક મનુષ્યને આત્મવિકાસ સાધવા માટે વખત મળતો નથી એવું બહાનું અદૃશ્ય થશે."

એમ. આર્નોલ્ડ

સામાન્ય રીતે કેળવણીનો એવો અર્થ કરવામાં આવે છે કે એ પુસ્તકો અને શિક્ષકોની મદદથી મનને ખીલવવાની રીત અથવા પદ્ધતિ છે. યોગ્ય વ્યવહારના અભાવે કે આવેલી તકનો લાભ લેવામાં ન આવે તેથી જ્યારે કેળવણીને ભૂલી જવામાં આવે છે ત્યારે આત્મવિકાસ કરવાની એક આશા અવશિષ્ટ રહે છે. અને તેને અવલંબીને રહેવું પડે છે. આત્મ-વિકાસ કરવાના અનેક પ્રસંગો આપણી આસપાસ પડેલા છે. આત્મવિકાસનાં સાધનો પુષ્કળ છે અને સસ્તાં પુસ્તકો, મફત પુસ્તકાલયો, વગેરેના આ જમાનામાં માનસિક વિકાસ અને ઉત્કર્ષના જે સાધનો પુષ્કળ પ્રમાણમાં પૂરા પાડવામાં આવે છે તેનો ઉપયોગ કરવાનું વિસરી જવા માટે કોઈ પણ બહાનું સંભવી શકે નહિ.

પચાસ વર્ષ અથવા એક સો વર્ષ પૂર્વે જ્ઞાન પ્રાપ્ત કરવામાં જે મુશ્કેલીમાંથી પસાર થવું પડતું હતું તેમાં, પુસ્તકોની તંગી તથા તેનો અતિશય મોંઘી કિંમતનો અને સખત મજૂરી કરવામાંથી અભ્યાસ માટે જે ઘણો થોડો સમય બચતો તેનો વિચાર કરીએ છીએ ત્યારે એવા વિકટ સમયમાં કેવું અદ્‌ભુત બુદ્ધિબળ ધરાવનારા મનુષ્યો વિદ્યમાન હતા તેનો વિચાર માત્ર ખરેખર આશ્ચર્ય પમાડે તેવો છે. આ સર્વ મુસીબતો ઉપરાંત શારીરિક અશક્તિ, અંધત્વ, શરીરના અનેક પ્રકારના રોગો અને વ્યાધિઓ વગેરે વિટંબનાઓની સામે પણ ઘણા લોકોને થવું પડતું હતું. વળી આ બધાની સાથે વર્તમાન સમયમાં અભ્યાસ અને આત્મવિકાસ કરવામાં સહાયભૂત થનારા સાધનોની વિપુલતાનો આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણી સ્થિતિ જોતાં આપણને શરમ ઉપજે છે, કારણકે આપણા ઉપયોગ તથા પ્રેરણા માટે અનેક સાધનોનો સદ્‌ભાવ હોવા છતાં આપણે તેનો ઘણો ઓછો લાભ લઇએ છીએ.

આત્મવિકાસ શબ્દનો ઉપયોગ પોતાને સુધારવાની અથવા પોતાની ઉન્નતિ સાધવાની પ્રબળ ઇચ્છા એવા સૂચક અર્થમાં કરવામાં આવ્યો છે. જો ઉન્નતિ અથવા સુધારણા માટે આપણા હૃદયમાં ખરેખરી ઇચ્છા જાગેલી હોય છે તો મોજશોખ અને એશ-આરામ કરવાની આપણી ઇચ્છાનું દમન કરવાથી સુધારણા કરવાનું કાર્ય સહેલાઇથી સાધી શકાય છે. નવલકથાઓનું વાંચન, રમતગમત પર પ્રેમ, વાર્તાઓ કહેવાની અને સાંભળવાની ટેવ—એ સર્વને તિલાંજલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપવી જોઇએ. અને ફુરસદની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરવા તત્પર થવું જોઇએ. જેઓ આત્મવિકાસ માટે યત્ન કરતા હોય છે તે સર્વના માર્ગમાં આ શક્તિરૂપી સિંહ અવરોધ કરી રહ્યો હોય છે અને એ શત્રુનો પરાજય કરવાથી જ આત્મોત્કર્ષ -આત્મવિકાસ સાધી શકાય છે એ નિશ્ચિત વાત છે. કોઇપણ મનુષ્ય તેની નવરાશનો સમય કેવી રીતે પસાર કરે છે તે જાણવાથી તેનું ભવિષ્યનું જીવન કલ્પી શકાય છે, એટલું જ નહિ પણ તેનાથી તેના આખા જીવનની ચાવી આપણા હાથમાં આવે છે, અને એ આ જીવનને કયા દૃષ્ટિબિંદુથી જુએ છે તે કહી શકાય છે. નવરાશના સમયનો દુરુપયોગ કરવાથી ચારિત્ર્યનો જે અપકર્ષ ક્રમશઃ થાય છે, જે ભયંકર પરિણામ નીપજે છે તેનાથી તે કદાચ અજાણ હોય તોપણ ચારિત્ર્ય દૂષિત થાય છે એમાં લેશ પણ શંકા નથી.

પોતાને પોતાના પ્રતિસ્પર્ધીઓથી પછાત પડી જતા જોઇને કેટલાક યુવકોને આશ્ચર્ય થાય છે, પરંતુ જો તેઓ આત્મનિરીક્ષણ કરશે તો તેઓને જણાશે કે તેઓ પ્રગતિ કરતા અટકી ગયા છે. કેમકે તેઓએ પોતાનાં જીવનને આત્મવિકાસથી અલંકૃત કરવાના અને વિશાળ વાંચનક્ષેત્રમાં વિહરવાના પ્રયાસને તજી દીધો છે. વાંચનમાં તેમજ અભ્યાસ કરવામાં નવરાશના સમયનો સદુપયોગ કરવો એ ઉત્તમ ગુણોની નિશાની છે. ઘણાખરા મનુષ્યોની બાબતમાં અભ્યાસ કરવામાં અથવા નિયમિત કરેલા સમયને વસ્તુતઃ અવકાશનો સમય કહી શકાય નહિ, કેમકે તે સમય નિદ્રામાંથી, ભોજન સમયમાંથી કે આરામના વખતમાંથી બચાવવામાં આવ્યો હોય છે.

લીહુ બુરીટ નામના સોળ વર્ષની વયના એક છોકરાને એક લુહારની દુકાનમાં આખો દિવસ સખત કામ કરવું પડતું હતું. આ છોકરાને દુનિયામાં પોતાની ઉન્નતિ સાધવામાં સહાયભૂત થનારા સાધનો અને પ્રસંગો હતા તેના કરતાં ઓછા સાધનો કોઇપણ છોકરાને ભાગ્યે જ હશે. આવી સ્થિતિમાં મુકાયેલો હોવા છતાં ભોજન વખતે પુસ્તકો વાંચીને, રાત્રે અને રજાના દિવસોમાં અભ્યાસ કરીને અને પોતે નવરાશની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરી શકે એવા હેતુથી તેના ગજવામાં પુસ્તક રાખીને જે થોડોઘણો સમય મળતો અથવા તો તે બચાવી શકતો તે દરમિયાન તે સુંદર કેળવણી સંપાદન કરવા શક્તિમાન થયો હતો. જે સમય ઘણાખરા છોકરાઓ આળસમાં ગુમાવે છે, જે વખત આળસુ છોકરાઓ બજારમાં ખાવામાં અથવા એદીની માફક લાંબા પડીને ગપ્પાં મારવામાં ગુમાવે છે તેવા વખતમાં બુરીટને આત્મવિકાસ સાધવા માટે જે તકો પ્રાપ્ત થતી તે સર્વનો તે સ્તુત્ય સદ્વ્યય કરતો. તેને જ્ઞાન પ્રાપ્ત કરવાની અત્યુત્કટ પિપાસા હતી. અને આત્મવિકાસની ઉગ્ર અભિલાષા હતી, જેને લઇને તેના માર્ગમાં આવતા સર્વ વિઘ્નોનું તે પ્રતિક્રમણ કરી શક્યો. એક શ્રીમંત ગૃહસ્થે તેની કેળવણીનો સઘળો ખર્ચ આપવાની ઇચ્છા જણાવી, પરંતુ બુરીટે કહ્યું "મારે કારખાનામાં બારથી ચૌદ કલાક કામ કરવાનું હોય છે, છતાં પણ હું પોતે મારી કેળવણી સંપાદન કરી શકીશ. મારે કોઇના આશ્રયની કે સહાયની અપેક્ષા નથી." આવો તેનો દૃઢ નિશ્ચય હતો. તેમાંથી તે ચલાયમાન થાય એ અશક્ય હતું. કારખાનામાં કામ કરતાં કરતાં જે થોડોઘણો સમય તેને મળતો તે કદાપિ તે વ્યર્થ જવા નહોતો દેતો, પરંતુ તેનો ખરેખરો સદુપયોગ કરતો. તેની એવી મજબૂત માન્યતા હતી કે ભવિષ્યમાં તેને વખતની કરકસરનો વ્યાજ સહિત બદલો મળશે જ. અને તેનો દુરુપયોગ તેને અધઃપતનના ઊંડા ખાડામાં ફેંકી દેશે. લુહારની દુકાનમાં આખો દિવસ સખત મજૂરી કરવા છતાં એક વર્ષ જેટલા ટૂંકા સમયમાં તે સાત ભાષા શીખી શક્યો. આ વાતનો વિચાર કરતાં આપણને અનહદ આશ્ચર્ય ઉત્પન્ન થાય તેમ છે.

શક્તિની ન્યૂનતાને લઇને નહિ, પણ પ્રયત્નની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખામીને લઇને માણસો આગળ વધી શકતા નથી. ઘણી વખત એવું પણ જોવામાં આવે છે કે સેવ્ય કરતાં સેવકનું મગજ વધારે સારું હોય છે. માનસિક શક્તિમાં પણ તે કેટલીક વખત ચઢી જાય છે. પરંતુ તે તેની શક્તિને-આંતર બળને સુધારી ખીલવવાની દરકાર કરતો નથી, તે ખરાબ ટેવોથી પોતાની શક્તિને કુંઠિત અને ક્ષીણ કરી મૂકે છે. જુવાનીમાં તેઓ પોતાના સમય તથા શક્તિ નિરુપયોગી વિષયોમાં ગુમાવે છે અને પછી ઘડપણ આવે છે અને સતત સેવાની શૃંખલા પીડા કરે છે, ત્યારે ભાગ્ય પર દોષ મૂકીને નિરાશા અને શોકમાં શેષ જીવન વ્યતીત કરે છે.

જે લોકોએ વિદ્યાર્થી અવસ્થામાં શુદ્ધ હસ્તાક્ષરોથી લખતા શીખવાનું અને વ્યવહારિક જીવનમાં આવશ્યક જ્ઞાનની મુખ્ય શાખાઓ પર આધિપત્ય મેળવવાનું યોગ્ય ગણ્યું હોતું નથી તેવા લોકોમાંથી જ કારકુનો અને નોકરોની મોટી સંખ્યા મળી આવે છે. યુવાન પુરુષો અને સ્ત્રીઓમાં જે અજ્ઞાન દશા પ્રચલિત છે તે આ જમાનામાં અને આ દેશમાં ખરેખર શોચનીય અને દયાજનક છે. દરેક સ્થળે ઉત્તમ નૈસર્ગિક શક્તિ ધરાવનાર સ્ત્રી પુરુષો હલકા દરજ્જાની નોકરી કરતા જોવામાં આવે છે, તેનું વાસ્તવિક કારણ એ છે કે તેઓ જે જ્ઞાન વડે કુશળ કાર્ય કરનારા થઇ શકે એવા જ્ઞાનની પ્રાપ્તિમાં તરુણ વયની અંદર ચિત્ત પરોવવાનું-એકાગ્ર કરવાનું તેઓને પૂરતી આવશ્યકતાવાળું જણાયું નથી હોતું. તેમજ હજારો સ્ત્રીપુરુષો જીવનના વિકાસક્રમમાં પછાત પડી ગયેલા જોવામાં આવે છે તે એ કારણથી કે તેઓએ પોતાની જુવાનીના વખતમાં ઉપરથી નજીવી જણાતી પરંતુ અંદરથી અતિ ઉપયોગી બાબતો પરત્વે લક્ષ આપવાનું યોગ્ય ધાર્યું નથી હોતું.

સંપૂર્ણ

સમયની કિંમત

પિતાજી-સ્વ. બાળગંગાધર ટિળક-કેસરી માટે લેખ લખી રહ્યા હતા. એમાં તે એવા ખોવાઇ ગયા હતા કે સમયનો પણ એમને ખ્યાલ નહોતો. જમવાનું તૈયાર હતું. ભોજનનો સમય થઇ ગયો હતો. મા ક્યાંય સુધી પિતાજીની વાટ જોતી રહી, પણ એક કલાક વીતી ગયો તો યે પિતાજી આવ્યા નહિ ત્યારે તેમણે મને, પિતાજીને જમવા માટે બોલાવવા મોકલી.

મેં જઇને પિતાજીને કહ્યું: 'પિતાજી, જમવાનું ક્યારનું યે તૈયાર છે. તમે તો હજુ નાહ્યા પણ નથી!'

પણ એ તો કામમાં એટલા ડૂબેલા હતા કે કદાચ એમને હું એમના ઓરડામાં હતી એ હકીકતની પણ ખબર ન પડી. બે વાર મેં આમ કહ્યું ને બન્ને વાર મારું કહેવું નિષ્ફળ ગયું. છેવટે હું હિંમત કરીને જોરથી બોલી. આ વખતે મારો અવાજ એમને કાને પહોંચ્યો. એમણે કહ્યું: 'દીકરી, બ્રહ્મદેવે ઘણી મોટી ભૂલ કરી છે!'

ભોજન માટે બોલાવવા જતાં, આવી વાત સાંભળીને મને નવાઇ લાગી. મેં આશ્ચર્યથી પૂછ્યું;

'શું કહ્યું, પિતાજી?'

એમણે કહ્યું, 'અરે એમ, કે બ્રહ્માએ પેટની થેલીમાં એક કાણું રાખ્યું હોત તો કેટલું સારું હતું! અન્ન રસ વગેરે એમાં એક વાર ભરી દઇએ કે બસ, હમેશ માટે ફુરસદ. આટલો બધો મૂલ્યવાન સમય! એને ભોજન જેવા કામમાં ખર્ચ કરતાં મને ઘણું દુ:ખ થાય છે.'

—પાર્વતીબાઇ કેલકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી તારાદૃષ્ટિની સઝાય

સં. ડોકટર વલભદાસ નેણસીભાઈ મોરબી

દર્શન તારા દૃષ્ટિમાં, મનમોહન મેરે,
ગાવેય અગ્નિ સમાન,
શૌચ–સંતોપ તે તમ ભલું,
સઝાય ઇશ્વર ધ્યાન. મનમોહન મેરે

પ્રથમની મિત્રાદૃષ્ટિ કરતાં, આ દૃષ્ટિમાં મિથ્યાત્વની મંદતા અને બોધની વિશેષતા કેટલી હોય છે તે દર્શાવે છે. જેમ મેલથી મલીન થયેલા વસ્ત્રને સાબુ તથા જલ આદિ સાધનોથી ધોતાં જેમ જેમ મેલની ક્ષતિ થતી જાય છે તેમ તેમ વસ્ત્ર પોતાના મૂળ ઉજ્વલ સ્વભાવને ધારણ કરતું જાય છે. તે જ રીતે આત્મામાં મિથ્યાત્વનું જે આવરણ છે તે જ મેલ છે. તે મેલને દુર કરવા માટે સાચી જીજ્ઞાસાથી ઉત્પન્ન થયેલી સદ્ભાવનારૂપી જલ અને સદ્ગુરુના સદ્બોધ તથા સદ્આચરણરૂપી ખારનાં સાધનો મળવાથી જેમ જેમ મિથ્યાત્વરૂપ મેલની ક્ષીણુતા થતી જાય છે એટલે મિથ્યાત્વનો રસ મંદ પડતો જાય છે તેમ તેમ આત્મામાં જાગૃતિ, સદ્વિચાર અને વિશુદ્ધિ વધતાં જાય છે તેથી તૃણાગ્નિના પ્રકાશ કરતાં છાણાના અગ્નિમાં જેમ પ્રકાશની વિશેષતા છે તેમ અવ્યક્તપણે પ્રગટ થયેલી સામાન્ય જિજ્ઞાસા કરતાં કાંઇક વિચારપૂર્વક વ્યક્ત થયેલી વિશેષ જીજ્ઞાસામાં આવરણની મંદતા થવાથી બોધજ્ઞાનની વિશેષતા થાય છે અર્થાત્ જીવાત્મા પરમાર્થ માર્ગ નજીક આવે છે તેની તેનામાં કાર્ય પરિણામી ગુણો જેવા કે—

(૧) શૌચ–મન વચન કાયાની પવિત્રતા.

(૨) સંતોપ–પૌદ્ગલિક પદાર્થોમાં અનાસક્ત વૃત્તિ અર્થાત્ તૃષ્ણા ઉપર જય વા અંતર સંયમ.

(૩) તપ-ઇચ્છા, વૃત્તિ કે વાસનાઓને જીતવી ઇંદ્રિયોના વિષયોથી વિરક્ત વા ઉદાસીન થવું.

(૪) સઝાય–જગતની ઉપાધિરૂપ જંજાળથી આત્માને મુક્ત કરીને પોતાના સ્વરૂપનું ચિંતવન કરવું.

(૫) ઇશ્વર પ્રણિધાન–પોતાના આત્માનું ચિંતન કરવું ને સ્વાધ્યાય પણ કારણ વિના કાર્ય થાય નહીં તેમ ઇષ્ટ દેવની ઉપાસના કર્યા વિના પોતાના સ્વરૂપનું ચિંતવન કે અનુભવ થઇ શકે નહીં. ઉપરોક્ત ગુણોને પ્રગટાવનારી **તારા** દૃષ્ટિ છે.

નિયમ પંચ ઇશ સગજે, નહિ કિરિયા ઉદ્વેગ,
જીજ્ઞાસા ગુણ તત્ત્વની, પણ નહિ નિજ હઠ.

ટેક—મન૦

આ દૃષ્ટિમાં **અહિંસા–સત્ય**-અસ્તેય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ નિયમો પૂર્વક સદાચરણો વા સદ્સાધનોનું સેવન જરાપણ લોકભય, લોકદૃષ્ટિ, લોકસંજ્ઞા, લોકરંજનતા રાખ્યા વિના ઉદ્વેગ લાવ્યા વિના, ઉત્સાહ, વૈરાગ્ય, અખેદતા અને શ્રદ્ધાથી સેવન કરે તેમજ કોઈ પણ જાતના સ્વચ્છંદ, પ્રતિબંધ, કદાગ્રહ, મતાગ્રહ, કે હઠાગ્રહ રાખ્યા વિના સદ્ગુરુની આજ્ઞાપૂર્વક નિષ્કામપણે નિષ્કપટપણે સરલતાથી સન્માર્ગની ઉપાસના કરીને આંતરિક સદ્ગુણોનો સાચો પ્રેમી બનીને તેવા ગુણોને મેળવવા માટે આ લોક, તથા પરલોકનું શ્રેય સાધવા માટે પ્રબલ પ્રયત્નશીલ બને છે.

એહ દૃષ્ટિ હોય વરતતાં, યોગ કથા બહુ પ્રેમ,
અનુચિત તેહ ન આચરે, વાળ્યો વળે જેમ હેમ.

મન૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ દૃષ્ટિમાં વર્તનાર જીવને યોગ કથા એટલે પરમાર્થમાર્ગ આપનાર શ્રી સદ્ગુરુના કલ્યાણકારી સદ્બોધ તરફ અતિપ્રેમ, અને શ્રદ્ધા હોય. જેનાથી જરા પણ આત્માનું પતન થાય તેવું કોઈ પણ અનુચિત (આત્માને અહિતકારી) આચરણુ સેવે નહીં. અને શુદ્ધ સુવર્ણ જેવો સરળ અને નિર્મળ હોય. જેમ કે લોઢાના અને સોનાના બન્ને બારીક તારોને જેમ વાળીએ તેમ વળે પણ લોઢાના તાર બે ચાર વખત વાળવાથી તુટી જશે, અને સોનાના તારને સેંકડો વખત વાળવાથી તે ગુંચળું થઇને વળી જશે પણુ તુટી નહીં જાય તેમ આત્માર્થી જીવ, જે સદ્ગુણી પાસેથી આત્માનું હિત સધાયું હોય કે સદ્ગુણોની પ્રાપ્તિ થતી હોય તેની પાસે જરા પણ ઉદ્ધતાઈ, વક્રતા, અહંકાર, કદાગ્રહ કે અવિનયપણું રાખ્યા વિના ગુણાનુરાગી થઇને નમ્ર, સરલ અને સત્પ્રેમી બનીને વિનય અને શ્રદ્ધાથી સન્માર્ગનો આરાધક બને છે. આત્માની ઉન્નતિ સાધવા શક્તિ માન થાય છે.

વિનય અધિક ગુણીનો કરે, દેખે નિજ ગુણ હાણ,
ત્રાસ ધરે ભવ ભય થકી ભવ માને દુઃખ ખાણ.
મન૦ ૪

પ્રભુ પ્રત્યે તન્મયતા, શ્રી સદ્ગુરુના ચરણુ-કમલમાં તલ્લીનતા, અને ક્ષણે ક્ષણે પોતાના આંતરિક દોષોનું નિરીક્ષણુ. આ ત્રણ મહા સાધનો એ જીવાત્માને તરવામાં શ્રેષ્ઠ સાધનો છે. આ પ્રમાણે પોતાના ગુણોની ખામી જોઇને, પોતાના દોષોનું અંતરદ્રષ્ટિથી નિરીક્ષણુ કરનાર. પોતાનાથી અધિક સદ્ગુણી પુરૂષોનો ઉલ્લાસિત ભાવે વિનય કરનાર, ભવવૃદ્ધિના કારણોથી ત્રાસ પામીને તેનાથી નિવૃત થનાર અને સંસારને અનંત દુઃખની ખાણ માનનાર જીવાત્મા જ **સન્માર્ગનો** આરાધક બને છે.

શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, શિષ્ટ કહે તે પ્રમાણુ,
સુયશ લહે એ ભાવથી, ન કરે જૂઠ ડફાણુ—મન. ૫

જે આત્માર્થી જીવ હોય તે પોતાના સ્વચ્છંદ અને અહંકારને છોડીને તથા જે અજ્ઞાનાવસ્થામાં અસદ્-ગુરૂની નિશ્રાયે શાસ્ત્રો વાંચીને મતિ કલ્પનાથી તે શાસ્ત્રોના ભાવોને અન્યથારૂપે માનેલ શાસ્ત્રાભિ-નિવેશ મિથ્યાત્વ તેનો ત્યાગ કરીને સદ્ગુરૂની આજ્ઞાએ વર્તનાર મુમુક્ષુ આત્મા ઘણાજ ગહન શાસ્ત્રોના અર્થના રહસ્યને નહિ સમજવાથી, શાસ્ત્રોના અંતર રહસ્યને સમજ્યા વિના શાસ્ત્રોની જાળરૂપ ને મહાન અરણ્ય તે ચિતને ભ્રમણ કરવાનું કારણ બને છે તેમ સમજીને શિષ્ટ એટલે પરમજ્ઞાની શ્રી સદ્ગુરૂદેવ જે કહે છે તે જ સત્ય અને શ્રેયસ્વી છે એમ દ્રઢ નિશ્ચય કરીને હું જાણું છું, હું સમજું છું, એવો જરા પણ જૂઠ કે ઘમંડ રાખ્યા વિના હું કાંઇ પણ જાણુતો નથી એમ નિરભિમાનપણે શ્રી સદ્-ગુરૂદેવના ચરણ કમલમાં અનન્ય ભક્તિભાવે શ્રી સદ્ગુરૂદેવની ઉપાસના કરનાર જીજ્ઞાસુ આત્મા પોતાના આત્માને વિશુદ્ધ બનાવીને નિર્મલભાવથી સૂયશ એટલે આત્મહિત સાધવાની ઉજ્જવલ કીર્તિને મેળવવા તે ભાગ્યશાળી બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શરીર એટલે ભોગાયતન.

લેખકઃ–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

શરીર એટલે ભોગ ભોગવવાનું ઘર. શરીરમાં જે ભોગેંદ્રિયો છે તે બધાઓનો આવિષ્કાર શરીર દ્વારા જ થઈ શકે છે. આપણે ખાવું, પીવું, જોવું, સુંઘવૂં ને સ્પર્શનું સુખ મેળવવું, એ બધું આ શરીરદ્વારા જ કરીએ છીએ. શરીર ન હોય તો આત્મા ગમે તેટલો બળવાન હોય છતાં એ આ ભોગવવાનું કાર્ય કરી શકતો નથી. એટલે આત્માને પોતાનું બધું કાર્ય આ શરીરના સાધનથી જ કરવું પડે છે. એટલે જ આ શરીરને ભોગોનું ઘર કહીએ તો ચાલે.

આપણા શરીરમાં જેમ પાંચ ઇંદ્રિયો કાર્ય કરે છે તેમ મન પણ એક પ્રબલ શકિત છે. અને એ મનદ્વારા જ બધા ઇંદ્રિયોના કાર્યો ચાલ્યા કરે છે. મનમાં જો કોઈ જાતની શિથિલતા આવી જાય અગર તે વિકૃત બની જાય તો બાકીની ઇંદ્રિયો પોતાની છતી શક્તિ ગુમાવી બેસે છે. મતલબ કે બધી ઇંદ્રિયોને પ્રેરણા આપનારૂં મન જ છે. એથી જ શાસ્ત્રકારો પોકારીને કહે છે કે, જીવને આ સંસારમાં બાંધી રાખનારૂં કોઈ હોય તો તે મન જ છે. તેમ એ બંધનમાંથી છોડાવનારૂં કોઈ હોય તો તે પણ મન જ છે.

આપણે ખાઈએ છીએ, પીએ છીએ કે સ્વાદ ગ્રહણ કરીએ છીએ તે ભલે મુખ અને જીભથી કરતા હોઈએ પણ તેમાં પ્રેરણા આપનારૂં અને તેમાં સારા નરસાની ઓળખાણ કરાવી આપનાર અને ગ્રહણ કરવું કે છોડવું એ બુદ્ધિ તો મન જ આપે છે. આપણું શરીર કે ઇંદ્રિયો જાણે પરવશપણે તેની આજ્ઞા પાળ્યે જાય છે. આપણે સુંદર રાગનું ગાયન સાંભળીએ છીએ, અગર કર્ણકટુ અવાજ સાંભળીએ છીએ ત્યારે તેનું ગ્રહણ કે તેનો તિરસ્કાર કરવાની પ્રેરકશક્તિ તો મન જ છે. સુગંધ કે દુર્ગંધ નાસિકાદ્વારા મળે છે. પણ તેને આવકાર આપવો કે તેનો ત્યાગ કરવો એ તો મન જ બતાવે છે. એ ઉપરથી જોઈ શકાય છે કે, આપણા શરીર અને ઇંદ્રિયો ઉપર મન સર્વોપરિ હક્ક અને તાબો ભોગવે છે ત્યાં આપણું શરીર અને ઇંદ્રિયો એ કેવળ યંત્રવત્ કામ કરે છે.

પ્રાચીન ભવમાં કરેલા શુભ કે અશુભ કર્મોનો ભોગવટો કરવાનું જો કોઈ સાધન હોય તો તે આપણું શરીર જ છે. જ્યારે મનની પ્રેરણાથી અને ઇંદ્રિયોની સહાયથી આપણે કોઈ કર્મ કરીએ છીએ ત્યારે જો આપણે વિવેકનો થોડો પણ આસરો લઈએ તો આપણા હાથે અશુભ કર્મ થવાનો સંભવ ઓછો હોય છે. પણ તેમ ઘણા ભાગે થતું નથી. કારણ આપણા માથે અહંકાર અને મોહનું ભૂત ચઢી બેઠેલું હોય છે. અને તેથી ત્યાં વિવેકને આવવા અવકાશ રહેતો નથી. એ કર્મોને પાકવાને થોડો કે ઘણો અવકાશ ને કાળ જોઈએ છે. અને તે પાકતાં તેના ફલસ્વરૂપ ભોગ ભોગવવાનું આ શરીરને હોય છે. ત્યારે આ દુઃખ કયાંથી આવ્યું ? એનો વિચાર આપણે કરવા બેસીએ છીએ. પણ પ્રત્યક્ષ દેખીતું કારણ નહીં જણાતાં આપણી મૂંઝવણ વધી પડે છે. અને એ માટે ગમે તેનો દોષ કાઢવા આપણે પ્રેરાઈએ છીએ પણ વાસ્તવિક રીતે એને કારણભૂત આપણે પોતે જ છીએ. અને આ તો એનું ફળ છે. ત્યારે બીજાનો દોષ શા માટે કાઢીએ છીએ ? પણ અકસ્માત કોઈ દેખીતું કારણ ન હોવા છતાં આપણને લાભ થઈ જાય છે, ત્યારે તેનું બધું શ્રેય આપણી બુદ્ધિ કે કર્તબગારીને આપી સંતોષ માનીએ છીએ. પણ આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણું શરીર એ ભોગાયતન અગર બદલો મેળવવાનું સાધન છે એ તદ્દન ભૂલી જઈએ છીએ. એ નક્કી સમજી રાખવું જોઈએ કે, આપણને જો કોઈ અકસ્માત લાભ થાય છે તેના કારણમાં આપણું પ્રસ્તુત પરાક્રમ કે શક્તિ નહીં પણ આપણે પૂર્વ ભવમાં જે સાધના કરવા માટે કાંઈ પરાક્રમ અને વીર્ય ફોરવ્યું હતું તેના ફલસ્વરૂપ એ પરિપાક છે.

એ ઉપરથી ફલિત થાય છે કે. આપણે જો કાંઈક પરાક્રમ ફોરવીએ અને સંયમ કેળવી ત્યાગ–વૈરાગ્યનો ભાગ કેળવીએ તો ઘણું સારું સાહિત્ય અને મૌલિક સંગ્રહ આગામી જન્મ માટે ભેગો કરી શકીએ. જ્યારે પૂર્વભવમાં કરેલા શુભ કર્મોનું ફળ આ પ્રસ્તુત ભવમાં ભોગવવા મળે છે, ત્યારે આ ભવમાં તેવું જ અને તેથી પણ વધુ પરાક્રમ કરી તેનું ફળ શા માટે ન મેળવી શકાય?

શરીર એ ભોગભૂમિ છે. સુખ અગર દુઃખ એથી જ ભોગવી શકાય છે, ત્યારે નવું કર્મ ઉપાર્જિત કરવાનું સાધન પણ એ શરીર જ છે એ સ્વયં સિદ્ધ થઈ જાય છે. જ્ઞાની ભગવંતોએ વારંવાર પોકારી પોકારી કહેલું છે કે, આ સંસાર એક ચક્રવ્યૂહ છે. એમાં જેને આનંદ આવતો રહે છે તે ચક્રવ્યૂહમાં એવો તો ગૂંચાતો જાય છે કે તેમાંથી છુટવાને તેને અવકાશ જ મળતો નથી. એકાદ સામાન્ય જણાતું કર્મ એ કરે છે અને સેંકડો, લાખો વરસો તો શું પણ સાગરોપમ પલ્યોપમનું એ ભોગનું આયુષ્ય એ મેળવી પોતાની રખડપટ્ટી એ વધારી મૂકે છે.

ભગવાન્ મહાવીરના આત્માએ એક સામાન્ય મિશ્ર વાક્ય ઉચ્ચાર્યું કે, ભગવંત ઋષભદેવ પાસે ધર્મ છે તેમ મારી પાસે તદ્દન ધર્મ નથી એમ તો નથી જ. મારી પાસે ધર્મ તો છે જ. આ બોલવાનું કેવડું ઘોર પરિણામ આવ્યું? પૂર્વે બાંધેલા શુભકર્મો પણ તિરોહિત થઈ ગયાં. અને અનેક કર્મો બાંધવાનું અને ભોગવવાનું સાહિત્ય ભેગું થઈ ગયું. આમ સામાન્ય દૃષ્ટિથી જોતાં એમણે કોઈ મહાન્ ઘોર હત્યાકાંડ ઉભું કર્યું ન હતું તેમ કોઈનું કાંઈ પણ અપહરણ કરેલું ન હતું. અગર કોઈ એવું મિથ્યા ભાષણ કર્યું ન હતું કે જેથી એકાદ જીવને મહાન્ દુઃખ થાય પણ તેનું ફળ માત્ર અતિ મહાન્ દુઃખમાં પરિણમ્યું. એથી જ સિદ્ધ થાય છે કે આપણા બોલવા ચાલવામાં કે દરેક નાની મોટી હીલચાલ કરવામાં કેટલી સાવચેતી રાખવાની જરૂર છે! આ ભોગાયતનને વાપરવામાં કેવી સાવચેતી રાખવાની હોય છે.

ઘડીઆળ એ સમયનો બોધ આપનારી વસ્તુ છે. વખતોવખત આપણને જાગૃત રાખનારી વસ્તુ છે. અર્થાત્ એનો સીધો સરળ અને યોગ્ય ઉપયોગ કરવામાં અને એને સુવ્યવસ્થિત રાખવામાં આવે તો એ વસ્તુ આપણને ઘણી સારી મદદ કરી શકે છે. એટલા માટે એને સાવચેતીપૂર્વક શી રીતે વાપરવી અને ઉપયોગ કેવી રીતે કરવો એ તરફ વધુ ધ્યાન આપવું પડે છે. સુઘડ અને સમજદાર માણસના હાથમાં એ ઉપયોગી યંત્ર હોય ત્યાંસુધી જ એ સારૂં કામ આપે છે એ આપણો અનુભવ છે. એકાદ અણઘડ અને જંગલી માણસના હાથમાં એ જ ઘડીઆળ આવી પડે તો એ તે જ ઘડીઆળને શું કરે? કદાચ થોડા જ વખતમાં તેને ભાંગી ફોડી નકામું કરી મૂકે. અને એ જ ઘડીઆળ નાના બાલકના હાથમાં આવી જાય તો એ ઘડીના છુટા ભાગમાં તેના કડકા કરી મૂકે. અને કદાચ એમાં રહેલ કાચ કે સ્પ્રીંગથી પોતાના શરીરને અપાય પણ કરી બેસે. એટલે જે ઘડીઆળ પાસે ઘણું સારૂં કામ કરાવવાનું હતું, તેથી ઊલટું તેથી પોતાને જ નુકસાન કરી બેસે,

આપણા આ ભોગાયતન કે શરીરને એ ઘડીઆળની ઉપમા બરાબર બંધબેસતી લાગે છે. જ્ઞાનીજનો એ શરીરનો સારામાં સારો ઉપયોગ શી રીતે થઈ શકે તે જાણતા હોવાથી અનેક પ્રકારના પુણ્યાનુબંધી શુભકર્મોનો સંગ્રહ કરી સંસારના બંધનોને કાંઈક શિથિલ કરી મૂકે છે. અને પોતાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસાર ઘટાડે છે. ત્યારે કોઈ એ ભોગાયતનો ઉપયોગ ફક્ત ભોગ ભોગવવા માટે અને ભોગની નવી નવી સામગ્રી પેદા કરવામાં કરે છે. અને એથી જ સંસારનો અખંડ દુષ્ટચક્ર વ્યૂહ ચાલુ રાખવામાં એ પ્રયત્ન કર્યે જ જાય છે. અને અનંતાનંત સંસાર વધારે જ જાય છે. એવા માણસો માટે આપણે શું કહીએ ? આ શરીરનો ઉપયોગ પરોપકાર, દયા, ક્ષમા, શાંતિ માટે નહીં કરતાં જે સ્વાર્થ લોલુપતામાં કરે છે, તેને આપણે અજ્ઞાન, અવિદ્યાગ્રસ્ત મૂર્ખ માણસ કહીએ તો ચાલે! તેથી આગળ વધી જે ભોગાયતનનું મૂલ્ય તદ્દન જાણતા જ નથી, અને એ શરીર અર્થાત્ માનવદેહ મેળવવા માટે કેટલા પુણ્યનો સંચય કરવો પડે છે અને તેમાં કેટલા પરોપકાર આદિ કાર્યોનો ઉપયોગ થયેલો હોય છે તે તદ્દન ભૂલી જઈ એકાદ બાલક જેમ ઘડીઆળ ભાંગી નાખે તેમજ કામભોગથી એ શરીરને રોગોનું ઘર કરી મૂકે છે; ક્રોધથી અપકીર્તિ સાથે આયુષ્ય ઘટાડી નાંખે છે; અને લોભાંધ થઈ અનેક કૂડ કપટ કાવાદાવા કરી આખરે સરકારના કે જનતાના ગુન્હાગાર બને છે. અને જેલ જાત્રા કે આપઘાતના ભાજન બને છે. અને પરલોકમાં અનંતકાળ સુધી નરકાદિ યોનિઓમાં સબડયા કરે છે, એવા માનવને શું કહેવાય ? એ કેવો ભોગ ? જે ભોગથી અને તુચ્છ આનંદ પાછળ કેવા દુઃખોની પરંપરાનો જન્મ થાય છે, એ વિચાર કરવા જેવો પ્રશ્ન નથી શું ?

આ ભોગાયતનનો ખોટી રીતે ઉપયોગ કરતાં કેવાં કડવાં ફળો ભોગવવાં પડે છે એ આપણે જોઈ ગયા. તેમ તેનો સમુચિત ઉપયોગ કરવાથી શું બને એનો પણ આપણે વિચાર કરવો જોઈએ.

વસ્તુનો સારો અને ખોટો એવા બે પ્રકારે ઉપયોગ થઈ શકે છે. દીવાસળીથી દીવા પ્રગટાવી શકાય ને ચુલો સળગાવી પાકનિષ્પત્તિ પણ થઈ શકે. તેમ ઘરમાં આગ ચાંપી તે બાળી પણ મૂકી શકાય. જ્ઞાની માણસ પોતાના બોલવાથી કે લખાણથી અનેકોને સરલ અને ધર્માનુસારી માર્ગદર્શન કરાવી શકે. અને જો એ વિપરીત રીતે કાર્ય કરે તો 'સાક્ષર' અર્થાત્ પંડિત મટી અવળો થઈ 'રાક્ષસ' એટલે અનંત પાપોનો પ્રચાર પણ કરી શકે. અને અનેકોના જીવનમાં હોળી સળગાવી મૂકે છે. એમાંથી કયો માર્ગ આપણે ગ્રહણ કરવો જોઈએ ?

માનવભવની દુર્લભતા શાસ્ત્રકારોએ અનેક જગે અનેક રીતે વર્ણવી છે. અવસર મહાનકાળ વિત્યા પછી હાથમાં આવ્યો છે. તેનો બને તેટલો સારામાં સારો ઉપયોગ કરી લેવો એ આપણા હાથમાં છે. તેથી પ્રાપ્ત થયેલો અમૂલ્ય અવસર શા માટે ખોઈ બેસીએ ?

તમે નિરોગી અને બલવાન હો તો યથા શક્ય દુર્બલોની મદદ કરો. બની શકે તેટલી તપશ્ચર્યા કરી જ્ઞાન ધ્યાનની આરાધના કરી સંયમવૃત્તિ કેળવો. તમે ધનવાન હો તો અપંગ, અનાથ અને ગરીબોને દ્રવ્યની મદદ પહોંચાડો. અને સાથે સાથે ધ્યાન રાખજો કે જેને તમે મદદ આપો તેનું સ્વમાન ન ઘવાય. તેમજ તમે કીર્તિ લોલુપ થઈ પ્રસિદ્ધિની આકાંક્ષા ન રાખો. નિષ્કામ રીતે કરેલું શુભ કાર્ય જ સાચું ફળ આપે છે, એ રખે ભૂલતા. તમે લેખક હો તો એવા લેખો લખો કે જેથી વાચનારના મનને સંતોષ થાય. અને એ કાંઈક સારૂ કાર્ય કરવા પ્રવૃત્ત થાય. તમે કવિ હો તો તમારા કવનોથી ગાનાર વાચનારના હૃદયના તાર ઝણઝણી ઉઠે, અને તેઓના આત્માને કાંઈક માર્ગદર્શન પ્રાપ્ત થાય. તમો વક્તા હો તો તમારી વાણીમાં બોધ, ત્યાગ, વૈરાગ્ય અને શુભ કર્મોની પ્રેરણા હોય અને પ્રત્યેક માણસને પોતાના દોષો જાણવાની વૃત્તિ જાગે! મતલબ કે જેની પાસે જે ગુણ હોય તે આ ભોગાયતન શરીર દ્વારા સારા જ કામમાં ઉપયોગી બને એવી રીતે વાપરશે. આ ભોગાયતનનો ઉપયોગ સારામાં સારી રીતે કરવાની બુદ્ધિ દરેક માનવના મનમાં જાગે એ જ શુભેચ્છા !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મતભેદ પ્રગટે ત્યારે

મતભેદ દેખાય કે જુદા પડવાનું ધોરણ જો સ્વીકારીએ તો આ જગતમાં રહેવું અશકય થઈ પડે. આ સૃષ્ટિમાં કોઈ બે વસ્તુ બાહ્યરૂપે પણ એકસરખી નથી. વૃક્ષોનાં પાંદડાં ને ઘાસનાં તણખલાંઓ વચ્ચે પણ તફાવત છે. કરોડો માનવીઓમાં સરખી આકૃતિ મળવી દુર્લભ છે, તો એકસરખી પ્રકૃતિ તો મળે જ કયાંથી ? માણસમાં સ્વતંત્ર રીતે વિચારવાની શક્તિ આવે છે કે મતભેદ દેખાય. જીવનનાં હજાર પ્રશ્નો વિચારવાના હોય છે, એ બધામાં એકસરખું દૃષ્ટિબિંદુ, નિકટના સાથીઓનું પણ ન હોય. આપણે આ સમજીએ ને બીજાના સ્વતંત્ર મતનો આદર કરીએ તો નિત્ય જીવનના ઘણા વિખવાદો ઓછા થઇ જાય

સિદ્ધાંતનો પ્રશ્ન હોય ત્યાં ગમે તેવા પ્રિયજનથી જુદા થતાં પણ ન અચકાવું જોઇએ. દુનિયામાં સત્યને ભોગે કોઈ પણ સંબંધ જાળવાયોગ્ય હોઈ શકે નહિ; પરંતુ એવા પ્રસંગો કેટલા આવે ! અને સત્યના એવા આગ્રહી આપણે હોઇએ તો તેની અસર સામી વ્યકિત ઉપર થયા વિના પણ રહે નહિ. સત્યનો આગ્રહી ગુમાન કે ઘમંડ રાખી શકે નહિ. એ તો નમ્રતાથી પોતાનું દૃષ્ટિબિંદુ બીજાને સમજાવે અને બીજાના વિચારો સમજવા ખુલ્લે દીલે પ્રયત્ન કરે. બંને બાજુ પૂર્વગ્રહથી મુક્ત અને નમ્રતાયુક્ત સત્યનો આગ્રહ હોય તો જુદા પડવા છતાં હૃદયનો સંબંધ તૂટે નહિ. ભિન્ન માર્ગે પ્રયાણ થાય તો યે હૃદયનો સાથ કાયમ રહે અને જ્યારે પણ ભૂલ સમજાય ત્યારે તે સ્વીકારતાં ને માર્ગ બદલતાં તે અચકાય નહિ.

પણ આવા દાખલા બહુ જૂજ બને છે, આપણાં ઘરમાં પતિ-પત્ની, પિતા, પુત્ર, ભાઈભાઈ કે કુટુંબના બીજા સભ્યો સાથે જે મતભેદ દરરોજ આપણને જોવા મળે છે તેને ઉચ્ચ સિદ્ધાંતો સાથે કોઇ સંબંધ છે ? જાહેર સંસ્થામાં કે સામાજિક સંબંધોમાં જ્યાં મન ખાટાં થઇ ગયાં હોય ત્યાં સિદ્ધાંતનો જ સવાલ કારણભૂત હોય છે ખરો ? ઘણીવાર નિરર્થક ચર્ચામાં પણ મતભેદ ઊભો થતાં આપણે રોષે ભરાઇએ છીએ અને એકબીજા માટે હીણું બોલવા લાગીએ છીએ, ત્યાં સિદ્ધાંતનું નામ પણ લઇ શકાય એવું હોય છે ? દુનિયામાં જો પ્રેમની મીઠાશ પ્રસરાવવી હોય અને સહકારની ભાવના વિસ્તારવી હોય તો નજીવા મતભેદો અને સિદ્ધાંતના સવાલો વચ્ચેનો ભેદ આપણે સમજવો જ જોઇશે; પહેલામાં આપણે ઉદારતા કેળવવી જોઇએ અને બીજામાં નમ્રતા સાથેની દૃઢતા. આ ભેદ આપણે નહિ સમજીએ ને મતભેદ થતાં દૂર ખસવાની પ્રકૃતિ રાખીશું તો આપણું સામાજિક જીવન છિન્નભિન્ન થઇ જશે અને કોઇ મોટાં કામ માટે સહકાર કરવાની આપણી શક્તિ જ નહિ રહે.

નજીવા મતભેદમાં પણ જલદ બની જવાના આપણા સ્વભાવની પાછળ ઘણું કરીને અહમ્‌વૃત્તિ કામ કરતી હોય છે. બીજાનો જુદો મત સહન ન કરી શકનારના મનમાં વય, જ્ઞાન, શાણપણ કે મોટાઈનું અભિમાન પડેલું હોય છે અને તે નકાર સાંભળતાં જ ઘવાય છે. આ સ્થિતિ સારી નથી. દરેક સમજદાર વ્યક્તિને સ્વતંત્ર રીતે વિચારવાનો અને ચોક્કસ અભિપ્રાય ધરાવવાનો હક્ક છે એમ આપણે સ્વીકારી લેવું જોઇએ. મતભેદ દેખાતાં જો આપણે આગ્રહી ન બનીએ, ઉશ્કેરાઇએ નહિ તો સામા માણસ ઉપર સારી જ અસર થાય છે. આપણામાં પ્રેમ, નમ્રતા ને સહાનુભૂતિ દેખાય તો સામે પણ તેનું પ્રતિબિંબ ઊઠે છે. આવી સ્થિતિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂર્વગ્રહની ગાંઠ છૂટી જાય છે અથવા ઢીલી બને છે અને સત્યને પ્રવેશવાનો માર્ગ ખુલ્લો થાય છે.

મતભેદ થાય ત્યાં બીજાના મતને માન આપી આપણા અભિપ્રાય વિષે ફરી વિચારવાની જો ટેવ પાડીએ તો તેની યે સારી અસર થાય છે. આપણને પોતાને તો તેથી લાભ જ થાય છે, પણ સામી વ્યક્તિ પણ પોતાના દૃઢ માનેલા અભિપ્રાય વિષે ફરી વિચારવા પ્રેરાય છે. આવા પરસ્પરના મનોમંથનમાંથી ઘણીવાર સત્યનું અમૃત પ્રાપ્ત થઈ જાય છે. નજીવી બાબતોમાં ઉદારભાવે નમતું મૂકવામાં આવે અથવા ખુલ્લા દિલની ચર્ચાથી એકબીજાનું મંતવ્ય સમજી લેવામાં આવે તો આપણા જીવનવ્યવહારમાં પ્રેમ અને સહકારની ભાવના વધે. જ્યાં સિદ્ધાંતનો સવાલ હોય ત્યાં અડગ ઊભા રહીએ, પરંતુ સિદ્ધાંત અને સામાન્ય બાબતનો ભેદ સમજવા જેટલી આપણી વિવેકબુદ્ધિ તીવ્ર હોવી જ જોઈએ. કોઈ પણ સંયોગોમાં નમ્રતા તો રાખવી જ જોઈએ; કારણ કે એ વિના સત્યદર્શન કદી થઈ શકતું નથી.

વધુ નહિ, એક દિવસ કે એક અઠવાડિયા માટે આ વિષે જાગૃત રહી વિચારવાનો સંકલ્પ કરીએ. સવારથી સાંજ સુધી જ્યાં જ્યાં મતભેદનો અનુભવ થયો હોય ત્યાં ત્યાં તેનાં શાં કારણો હતાં તેની તપાસ કરીએ. કારણો વાજબી લાગે તો તે પછી આપણે કેમ વર્ત્યા હતા તે યાદ કરીએ. મતભેદ ઊભો થતાં રોષે તો નહોતા ભરાયા? સામા પક્ષને સાંભળવાનો આપણે ઇન્કાર તો નહોતો કર્યો? આપણું સત્ય સામા પક્ષને ગળે ઉતરે તે માટે આવશ્યક દલીલો ને નમ્રતા આપણી પાસે હતાં? આપણું સત્ય અભિમાનથી દુષિત થયેલું તો નહોતું ને? આવી તપાસ કરીશું તો આપણને ખાતરી થશે, કે મતભેદનો પ્રસંગ ઊભો થતાં સત્યને મધુર બનાવવાથી બીજાના હૃદય ઉપર તેની સારી અને ત્વરિત અસર થાય છે.

('વિશ્વવાત્સલ્ય'માંથી સાભાર ઉદ્દધૃત)

હુક લાગે તે ચડે

લે. ભક્તકવિ શિવજી દેવશી મઢડાવાળા

નદી, નાળાં જંગલ, ઝાડી ને પહાડોના ખડકો વચ્ચે થઈને માર્ગ તૈયાર કરવાનો હોય છે ત્યારે કેટકેટલી મુસીબતો પડે છે, તે તો નવો માર્ગ કરનાર જ જાણે. માર્ગ તૈયાર થઈ ગયા પછી એની ઉપર સહેલગાહ કરતા કરતા પસાર થનારાઓને એની કલ્પના પણ ભાગ્યે જ આવે; અને આરંભની મહામુશ્કેલીઓ સામે હિંમતથી લડીને જે સાહસવીરોએ ભવિષ્યની પ્રજાને સરળતા કરી આપી હોય છે તેમને કૃતજ્ઞતા પૂર્વક યાદ કરીને અંજલિ અર્પનારા કદરદાનો પણ કેટલા નીકળવાના?

સંવત ૧૯૬૩ની સાલમાં હું હુબલી-ગદક ગયો ત્યારે કેળવણીની બાબતમાં મોટા મીંડા જેવું ત્યાં હતું. વેપાર ધંધો કરી પૈસા રળવા એવું જ બધા સમજતા. પૈસા સિવાય—પૈસા કરતાંય, ક્યાંય મોંઘામુલી ચેતન વસ્તુઓ છે એવું જવલ્લેજ કોઈ જાણતું. જ્ઞાનરૂપી મહાધન પણ મેળવવા જેવું છે તેનો વિચાર કરનારા વિરલા હતા. ભર્તૃહરિએ જેનું વર્ણન કર્યું છે તે...

"ચોરોથી ચોરાય નહિ એવું, અલૌકિક કલ્યાણ નિત્ય વધાર્યા કરનારું, માગનારાઓને અખંડપણે આપ્યા કરીએ તો ય પરમ વૃદ્ધિને જ પામનારું, કલ્પાન્તે પણ જેનો પ્રલય થતો નથી એવું વિદ્યા નામનું અંતરમાં સંઘરાયેલું જે ધન છે, તે ધનથી ધનવાન થયેલાઓની આગળ, હે રાજા મહારાજાઓ! મિથ્યાભિમાન છોડીને માથું નીચુ નમાવો: જ્ઞાનની સંપત્તિથી શ્રીમંત બનેલાઓ સાથે કોણ સ્પર્ધા કરી શકે એમ છે?"

એટલે હુબલી-ગદકમાં મારા સગાસંબંધીઓ, મિત્રો ને મિત્રાધિક જ્ઞાતિજનો હતા. તેમની કેળવણીની બાબતમાં પછાત દશા જોઈ એમને માટે કંઈ થાય તો કરવું એવો મેં મનસુબો કર્યો ને તેને બર આણવા માટે કેળવણીની જરૂરિયાતને અંગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનેક વ્યાખ્યાનો આપ્યાં. ત્યાંના અગ્રેસરોને ગળે મારી વાત ઊતરી ને એક પાઠશાળા હુબલીમાં ને બીજી ગદકમાં શરૂ થઇ ગઇ. એમ તો ત્યાંના કચ્છી બિરાદરો પૈસે ટકે સુખી હતા એટલે કેળવણીનું મહત્ત્વ સમજાતાં એમણે યથાશક્તિ ફાળો આપી સંસ્થાઓના કામને આગળ વધવાની સરળતા કરી આપી.

પરંતુ વેપારની લાયમાં કેળવણીને ભૂલી જવું તે વખતે સહેલું હતું, એટલે ૫–૭ વર્ષ સુધી વિદ્યા વિષયક સચેતતાને સજીવન રાખવા માટે સારી પેઠે પરિશ્રમ લેવો પડેલો. અત્યારે તો કેળવણી માટે કોઇને કશું કહેવું પડે એવું રહ્યું નથી. સૌ આપમેળે સમજીને પોતાનાં બાળબચ્ચાંને ભણાવે ગણાવે છે ને તેમાં ગૌરવ લે છે. કાળ કાળનું કામ કરે છે તે આનું નામ. આરંભનું કામ વિકટ હોય છે. ચીલો પડી ગયા પછી તો ગાડું ગબડયે જ જાય છે. દરિયો ખેડવા માટે નાવ બનાવવામાં મહેનત ને કુનેહ રહેલાં છે; પણ એકવાર એ તૈયાર થઈ ગઈ કે એમાં બેસનારા વગર બોલાવ્યે આવી મળવાના.

સંવત ૧૯૬૬ પછી મારા જીવનમાં પલટો આવ્યો. આત્મકલ્યાણની ને ભગવદ્ભક્તિની ભાવનાએ મારા જીવનનું સુકાન હાથમાં લીધું. સમાજ સુધારાના ને કેળવણી વગેરેના પ્રશ્નો એમને માર્ગે એમની રીતે કાળબળથી ચાલતા થઇ ગયા હતા, એટલે આધ્યાત્મિક જીવનને સેવવા માટેની જે ઝંખના બચપણથી જ ઊંડે ઊંડે રહી હતી તેને ઉપર આવવાનો અવકાશ મળ્યો ને મેં એને પોષવા માંડી.

આને પરિણામે અન્ય વિષયોમાંથી ચિત્ત ખસી જઇને ભજનકીર્તન ને સાધનામાં રસ લેતું બની ગયું. હું જ્યાં હોઉં ત્યાં ને જ્યાં જાઉં ત્યાં પછી તો ભજન કીર્તન કરવાનો આનંદ લેતો ને દેતો, આત્મકલ્યાણને જ વિષય બનાવી વાર્તાલાપો ને પ્રવચનો કરતો. હુબલીમાં જાઉં ત્યારે ભાઇશ્રી માણેકજી પીતાંબરને ઘેર ઊતરતો ને ગદક જાઉં ત્યારે ભાઇ લાલજી લધાને ત્યાં ઊતરતો.

લાલજીભાઇ અમારા નિકટના સંબંધી હતા ને મારા પ્રત્યે તેમનામાં અંતરની ઊંડી લાગણી હતી. માણેકજીભાઇ હુબલીમાં પોતાનો સ્વતંત્ર વેપાર કરતા, પણ લાલજીભાઇ તે વખતે શેઠ વિસનજી ત્રિકમજીની કંપનીમાં નોકરી કરતા. પછી તો એમણે લાલજી લધાના નામની પેઢી ચાલુ કરી ને ત્યારપછી પોતાના પુત્ર હીરજી લાલજીના નામની પેઢી પણ ચાલુ કરી ને પોતે વિસનજી ત્રિકમજીની કંપનીના ભાગીદાર થયા.

હું ગદક જાઉં ત્યારે — દર વર્ષે એક વાર હું ત્યાં જતો—ત્યાં આઠેક દિવસ સુધી રોકાતો ને ત્યાં ભજનકીર્તન તથા પ્રવચનોનો કાર્યક્રમ યોજાતો. લાલજીભાઇનો, ત્યાંની મારી સર્વ સાર્વજનિક પ્રવૃત્તિઓમાં ભારે ટેકો હતો ને એમને લીધે બીજા શ્રીમંતો પણ ટેકો આપવા તૈયાર રહેતા. આવા જીજ્ઞાસુઓ ને કલ્યાણ કાર્યોમાં સક્રિય રસ લેનારા જ્યાં હોય ત્યાં કાર્યકર્તાઓના ઉત્સાહનું પૂછવું જ શું? ત્યાનું કાર્ય સર્વને માટે એક આનંદોત્સવ રૂપ બની જતું.

એક યાદગાર પ્રસંગ બની ગયો. લાલજીભાઇને કોટનપ્રેસમાં જવાનું હતું. વાંધો ન હોય તો તમેય ચાલો, જરા ફરી આવીએ કહી એમણે મને આમંત્રણ આપ્યું ને તેમની ઇચ્છાને અનુમોદન આપી હું તેમની સાથે કોટન પ્રેસમાં ગયો. રૂની મોસમ ચાલુ થઈ ગઈ હતી, હજારો બોરીઓનો ગંજ લાગેલો હતો. એક બોરી ઉપર મને બેસાડી લાલજીભાઈ પ્રેસમાં અંદર ગયા.

આ બોરીઓની ગાંસડીઓ થવાની હતી. મજુરો એક પછી એક બોરીમાં હુક ભેરવે ને સાંકળ બોરીને ઉપર લઈ જાય ને ત્યાં એની ગાંસડી બંધાય. મેં જોયું કે બે ચાર બોરીઓને મજૂરોએ હુક લગાડયા ને સડસડાટ કરતી એ બધી ઉપર ચઢી ગઈ. આ હૂક લગાડવાનું ને બોરીઓના ઉપર ચઢવાનું કાર્ય જોઈ ને મને વિચાર આવ્યો કે અહીંયાં તો હજારો બોરીઓ પડી છે, બધી જ ઉપર ચઢવા લાયક છે; પરંતુ જેને હુક લાગશે તે જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચઢશે ને તેની જ માતબર ગાંસડી બંધાશે. આ જ નિયમ શું આત્માની ઉન્નતિને પણ લાગુ પડતો નથી ? ઊંચે ચઢવાની શકયતા તો માનવ માત્રમાં રહેલી છે; પણ ઊંચે ચઢે છે કેટલા ? સત્સંગનો યોગ થાય તેટલા જ. ને સત્સંગ હુકના જેવો શું નથી ? એ જ નિમિત્ત બનીને આત્માને ઊંચે ચઢાવે છે ને દિવ્ય ચેતનાના સઘન સ્વરૂપમાં એને પલટો આપી દાળે છે. **सत्संगतिः कथय किं न करोति पुंसाम्** । વળી **पापं तापं च दैन्यं च घ्नन्ति सन्तो महाशयाः** । ને એવાં એવાં સુભાષિતો મને યાદ આવવા લાગ્યાં ને એક પ્રકારનો અલૌકિક આનંદ અંતરમાં ઉભરાવા લાગ્યો.

મારી આનંદ સમાધિનો ભંગ કરવા લાલજી-ભાઈ ત્યાં આવી લાગ્યા ને બોલ્યા, " માફ કરજો, તમને એકલા બેસાડી રાખ્યા, જરૂરી કામ હતું એટલે જવું પડ્યું "

મેં કહ્યું, " મને તો મહાલાભ થઈ ગયો. અહીં બેઠાં બેઠાં સાચો સત્સંગ સધાઈ ગયો, ને અગમ નિયમનું ગૂઢ જ્ઞાન મફતનું મળી ગયું, જુઓ આ તમારી બોરીઓ; પડી છે તો હજારો, બધી જ ઉપર ચઢવાની શકયતા ધરાવે છે; પણ હુક લાગે છે તે જ ચઢે છે; બીજી બધી છે ત્યાંની ત્યાં જ પડી રહે છે. આપણા આત્માની બાબતમાં પણ એવું જ છે, એ જ નિયમ ત્યાંય પણ પ્રવર્તે છે. એકે એક જીવાત્મામાં ઊંચે આરોહવાની શકયતા છે. પણ જેને સત્સંગનો હુક લાગે છે તે જ ઊંચા ચિદંબરે ચઢે છે, હીરા-માણેક-મોતીથી ય મોંઘો સત્સંગનો હુક લાગે છે તે જ ચઢે છે." આ હુકની વાત જીવ્યા ત્યાં સુધી સંભારતા.

પૂજ્યપાદ સાધુ સાધ્વીજી માટે જ પાલીતાણા મુકામે નેત્ર

શ્રી પાલીતાણા મુકામે એક નેત્રયજ્ઞ કોઈપણ ગચ્છ કે સંપ્રદાયના ભેદભાવ વગર માત્ર જૈન ધર્મના સાધુ સાધ્વીજી મહારાજો માટે જ એક સુખી ગૃહસ્થ તરફથી ગોઠવવામાં આવેલ છે અને વીરનગરના આંખના નિષ્ણાત સેવાભાવી પ્રખ્યાત ડૉ. અધ્વર્યુ પોતે જાતે ઓપરેશન કરી આપશે. આ નેત્રયજ્ઞ સં. ૨૦૧૮ના ફાગણ વદી ૫ સોમવાર તા. ૨૬-૩-૬૨ થી શરૂ થશે. અને ડૉ. શ્રી અધ્વર્યુ સાહેબ પોતાના સ્ટાફ સાથે એક અઠવાડીયું પાલીતાણા રોકાશે અને તેમની સેવાનો લાભ આપશે.

તો પૂજ્યપાદ આચાર્ય ભગવંતો પુ. પંન્યાસજી મહારાજો, પુ. સાધુ સાધ્વીજી મહારાજોને વિનંતિ કરીએ છીએ કે જેમને આંખ સંબંધી તકલીફ હોય તેઓ ફાગણ વદી ૫ સોમવાર પહેલાં વિહાર કરી પાલીતાણા પહોંચી જાય. નેત્રયજ્ઞમાં દાખલ થનાર માટે દસ દિવસ રહેવાની વિ. બધી ગોઠવણ કરવામાં આવશે. ત્યાર બાદ રહેવા વી. ની ગોઠવણ તેમણે પોતે કરી લેવાની રહેશે.

જેઓ આ નેત્રયજ્ઞનો લાભ લેવા ઈચ્છતા હોય તેમણે નીચેના ઠેકાણે અગાઉથી જણાવવા વિનંતિ.

પાલીતાણા નેત્રયજ્ઞ સમિતિ
ઠે. શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

વાચકોને

" આત્માનંદ પ્રકાશ " નો આગામી અંક માર્ચ-એપ્રીલમાં સંયુક્ત અંક તરીકે એપ્રીલ માસની ૧૫ મી તારીખે શ્રી મહાવીર-જયન્તી અંક તરીકે પ્રગટ થશે તો લેખકોને વિનતી કે ભગવાન મહાવીરના જીવન અંગે યોગ્ય સામગ્રી સવેળા મોકલી આપે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મન

માણસ પોતાનાં કપડાં માટે કેટલું ધ્યાન આપે છે! મેલું ન થાય તેની કાળજી રાખે છે ને મેલું થાય કે તરત ઉતારીને ધોવરાવી નાંખે છે. મેલું વસ્ત્ર પહેરવાનો તેને કંટાળો આવે છે, મેલાં વસ્ત્ર પ્રત્યે એને સૂગ છે. નફરત છે.

પરંતુ પોતાના મનને સાફ રાખવા માણસ કેટલું ધ્યાન આપે છે? ગલીચ વાસના અને વિચારોથી એ એટલું તો મેલું થયેલું હોય છે કે મનનો મૂળ રંગ-મૂળ પ્રકૃતિ શું છે એ પણ ભૂલાઈ જવાય છે. મનુષ્યને એની બદબોની યે ખબર નથી પડતી એટલી હદે મલિનતા સાથે એકતા એણે થવા દીધી છે. આને પરિણામે વેરઝેર, કલહો, કંકાસ, ખૂના-મરકી અને યુદ્ધોની યાતનામાં માનવજાત સપડાઈ પડી છે.

મનુષ્ય મરણ પામે છે ત્યારે જેને માટે જીવનભર આળપંપાળ કરી હોય છે તે ધન-દોલત અને દેહ તથા સગાં બધું અહીં જ મૂકી જાય છે. એણે કરેલાં કૃત્યોનાં સંચિત ભોગવવા એ સૂક્ષ્મ મનની સાથે સંચરે છે. જન્માન્તરોના ભાવિનો આધાર આ મન પર છે. એ મનને સાફ રાખવાનું અને તે વડે પરમ સુખ મેળવવાનું માણસે ભૂલી જવું ન જોઈએ. મનુષ્યનો સહુથી ખોટો સ્વાર્થ એ છે; ખરો સ્વાર્થ જ એ છે.

મૌન

કંઠમાં કે જીભમાં ખોટ હોવાથી મૂગો માણસ બોલી ન શકે તો તે મૌન પાળે છે એમ કહેવાય. શારીરિક ખોટ ન હોય તે છતાં કોઈ પ્રસંગે પોતાનો સ્વાર્થ સમજી મનુષ્ય મૂંગો રહે કે પોતાને કંઈ ન સૂઝે તેથી ન બોલે તો તે મૌન પાળે છે એમ પણ ન કહેવાય. બોલવાની પૂરી શક્તિ હોય, બોલવું સૂઝતું હોય, ન બોલવામાં પોતાને દુન્યવી ગેરલાભ હોય તે છતાં જે માણસ પોતે અગાઉથી કરેલા નિયમને કારણે બોલતો નથી તે મૌન પાળે છે.

મૌનવ્રતનો નિયમ લઈને પછી મોઢું બંધ રાખી પોતાનું કામકાજ ચાલુ રાખવા જે હાવભાવથી, ચેનચાળાથી કે પાટીમાં લખીને પોતાના વિચાર વ્યક્ત કરે છે, એ મૌન નથી, મૌનનો દંભ છે.

મૌનવ્રતનો હેતુ શબ્દને મુખ વાટે બહાર ન પડવા દેવાનો નથી પણ શબ્દ-વિચારને ઉત્પન્ન કરનાર મન પર અંકુશ મૂકી, તેને સ્વસ્થ બનાવવાનો છે. આથી શરીર અને નિરામય પ્રસન્ન હોય ઉત્કૃષ્ટ વ્યાખ્યાનની શક્તિ હોય છતાં જે સાધક પોત [illegible] વિચાર વમરનું શાન્ત બનાવી દે કે જેથી વાણી ઉદ્‌ભવતી અટકી જાય તે ખરું મૌન છે. મૌન એ હોઠ બંધ રાખવાની ક્રિયા નથી પણ ચિત્તને સ્વસ્થ નિર્વિકલ્પ શાન્ત બનાવવાની એ વાત છે. મૌનવ્રતનો મૂળ આદર્શ આ છે.

—પારાશર્ય

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only